ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરની શાળાઓમાં બાળકોની પાંખી હાજરી

## ગાંધીનગર સમાચારનો ગ્રાઉન્ડ ઝીરો અહેવાલ : શહેરની પાંચ શાળામાં ધો-૧ થી ૫ના વર્ગોમાં માત્ર ૧૦ ટકા હાજરી

ગાંધીનગર, તા.૨૩

શિક્ષણ વિભાગની જાહેરાત મુજબ શહેરની ખાનગી તેમજ સરકારી શાળાઓમાં ૨૦ માસ બાદ ધોરણ ૧ થી પનું ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. ૨૦ માસ બાદ બાળકોના કીલકીલાટથી શાળાઓ ગુંજી ઉઠી હતી. ગાઈડલાઈન સાથે શાળાઓ ખુલી પણ શહેરની તમામ શાળાઓમાં પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ શિક્ષકોના જણાવ્યા મુજબ બે ત્રણ દિવસમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધશે. શહેરની શાળાઓમાં સરકારની ગાઈડલાઈન મુજબ વાલીઓના સંમતિ પત્રો લઈ માસ્ક સાથે પ્રવેશ અપાયો હતો. શાળાઓ શરૂ થવાની જાણ વાલીઓને કોલ અને મેસેજથી કરાઈ હતી. શાળા શરૂ થાય તે પૂર્વે વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપી વર્ગમાં પ્રવેશ અપાયો હતો. વર્ગમાં પણ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવાયું હતું. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ માસ્ક પહેરીને શિક્ષણ કાર્યનો આરંભ કર્યો હતો.

શહેરમાં લાંબા સમયગાળા બાદ પ્રત્યક્ષ શિક્ષણ વર્ગો શરૂ થતા શાળાના સંકુલો બાળકોના કલરવથી ગુંજી ઉઠયા છે. જેમાં ધોરણ ૧થી ૫માં પાંખી હાજરી જોવા મળી હતી. શાળામાં આવેલા બાળકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો હતો. વાલીઓ પણ તેમના બાળકોને શાળાએ મુકવા આવી રહ્યા છે જેઓમાં બાળકને શાળાએ ભણવા મુકવાનો સકારાત્મક અભિગમ તથા ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગાંધીનગર સમાચાર તરફથી ગ્રાઉન્ડ ઝીરો રીપોર્ટીંગ કરતા જાણવા મળ્યું હતું કે શાળાઓમાં પ્રથમ સપ્તાહમાં બાળકોને વાર્તાઓ, રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. બાળકોને શાળામાં આવવાનો ઉત્સાહ વધે તે માટે વિવિધ મનપસંદ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

ગાંધીનગર સમાચાર દ્વારા ગ્રાઉડ ઝીરો અહેવાલ લેવાયો હતો જેમાં ગાંધીનગરની કુલ પાંચ શાળામાંથી વિગતો લેવામાં આવી હતી. જેમાં એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, આર.એન. પટેલ પ્રાઈમરી સ્કૂલ, જે.બી. પટેલ, એમ.ડી. શાહ, દેવ ઈન્ટરનેશનલ સ્કુલમાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

**ગરીબ પરિવારના બાળકો કે જેમની પાસે શિક્ષણના ઉપકરણો ઉપલબ્ધ નથી. જેમને ઘણા સમયથી શિક્ષણથી વંચિત રહેવું પડયું છે તેવા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં હરખની લાગણી જોવા મળી રહી હતી.**

● દેવ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧ થી ૫ના કુલ ૫ કલાસ છે જેમાં ૨૫૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૨૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### શાળાના પ્રિન્સિપાલોમાં શાળામાં બાળકોની કિલકારીથી ખુશીની લાગણી

**છેલ્લાં બે વર્ષથી શાળાઓ બંધ રહેતા શાળાઓમાં સન્નાટો છવાઈ ગયો હતો. જે સરકારની મંજુરી બાદ ફરીથી શાળાઓ ખુલતા જ શાળાઓ બાળકોની કિલકારીઓથી ગુંજી ઉઠી છે જેથી શાળાના પ્રિન્સિપાલોમાં આનંદની લાગણી પ્રસરી છે તેઓ બાળકોને જોઈને ખુબ જ ખુશ છે.**

● એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળામાં ધોરણ ૧થી ૫ના કુલ ૧૨ કલાસ છે. જેમાં આશરે ૬૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૩૦ વિદ્યાર્થીઓની હાજરી રહી હતી.

● આર.એન. પટેલ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ ૧ થી ૫ના કુલ ૧૫ કલાસ છે જેમાં ૨૫ વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી હતી. જયારે ધોરણ ૬થી ૮માં ૫૦ ટકા સંખ્યા સાથે વર્ગ ચાલી રહ્યા છે.

● એમ.ડી. શાહ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫માં કુલ ૧૧૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ચાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે બાકીના વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી શિક્ષણ મેળવી રહ્યા છે.

● જે.બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫માં કુલ ૭૩૯ વિદ્યાર્થીઓમાંથી ૫૫ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખોલી દેવાઈ છે તેમ છતાં હજી પણ વાલીઓ મંજુરી આપતા નથી. બાળકો માટે કોરોના વિરોધી રસી પણ શોધાઈ નહી હોવાથી પોતાના બાળકને શાળામાં મોકલવું જોખમ ભરેલું હોવાનું વાલીઓને લાગી રહ્યું છે.

## જન્મદિને વધામણી

આનંદીબેન એસ. પટેલ
મો. ૯૫૭૪૩ ૨૬૯૨૬

વિશ્રૃતિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

રીવા સંકેત ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨

સેકટર-૨૭ ખાતે શ્રી ઈચ્છાપુર્તી હનુમાનજી મંદિરમાં ગઈકાલે રાત્રે સુંદરકાંડના પાઠ યોજાયા હતા. ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

## કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશન દ્વારા વ્યસનમુકિત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશન દ્વારા નશામુકત ગુજરાત અભિયાન અંતર્ગત વ્યસન મુકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશનના પ્રમુખ રતનસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અમલીકરણ સંસ્થા કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થા, સદવિચાર પરિવાર, ઉવારસદ શેરથા રોડ ખાતે જનજાગૃતિના અભ્યર્થે નશામુકત ગુજરાત અંતર્ગત કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં બળવંતભાઈ દરજી દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને વ્યસનની ગંભીરતા તથા એના દુષ્પરિણામ અને આ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું તે વિશે સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં અન્ય આમંત્રિત મહેમાનોમાં મેહુલભાઈ ગજજર, અરવિંદભાઈ વોરા, નટવરસિંહ ચૌહાણ તેમજ સંસ્થાના આચાર્ય રામસિંહ ચૌહાણ અને સંસ્થાના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વ્યસનમુકિત માહિતી પુસ્તિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## સરિતા ઉદ્યાન પાસે અજાણી કારની ટકકરે પુત્ર બાદ પિતાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

શહેરના 'જ' માર્ગ પર સરિતા ઉદ્યાન પાસે અજાણી કારની ટકકરે એકટીવા પર સવાર પિતા પુત્ર માર્ગ પર પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં એકટીવા પર સવાર પૃથ્વીરાજનું ગંભીર ઈજાને પગલે બનાવ સ્થળે જ મૃત્યુ થયું હતું. જયારે હરેશભાઈ કાંતિભાઈ મકવાણાને સારવાર માટે અમદાવાદ લઈ જઈ રહ્યા હતા તે સમયે માર્ગમાં તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી કાર ચાલકને પકડવા ચકો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઘરેથી શાકભાજી લેવા માટે ઈન્દ્રોડા જઈ રહ્યા હતા તે સમયે સરીતા ઉદ્યાન પાસે પુર ઝડપે અને ગફલત ભરી રીતે ગાડી હંકારી ચાલકે એકટીવાને ટકકર મારતા પિતા પુત્ર માર્ગ પર પટકયા હતા. પિતા પુત્રને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે મોટી સંખ્યામાં નગરજનો એકઠા થઈ ગયા હતા જેમાં ૧૦૮ દ્વારા હરેશભાઈને ગાંધીનગર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં હરેશભાઈનું મૃત્યુ થયું હતું. અકસ્માતમાં પિતા પુત્રનું મૃત્યુ થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ આદરી છે.

## જીઆઈપીએસ, રાંધેજામાં પોલીસ સ્ટાફ દ્વારા અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે પેથાપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વર્તમાન સમયમાં ચાલી રહેલા કેસો જેવા કે જાતીય સતામણી, કિડનીપિંગ વગેરેમાં આપણે સલામતિના પગલાં કેવી રીતે લેવા અને દરેક મુશ્કેલીમાં પોલીસ તમારી સાથે છે તેવી સમજ આપવામાં આવી હતી તેમજ શાળા તરફથી ટ્રસ્ટી શ્રી, આચાર્ય શ્રી અને શિક્ષક ગણ દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

## બાવન ગામ વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર બાવન ગામ વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના તમામ સભ્યોએ તેમનો પરિચય આપ્યો હતો. બહેનોએ ઉત્સાહપૂર્વક રસ લઈ ડૉ. બાબાસાહેબ આંબેડકરને ફુલહાર કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. હાર્દિકભાઈએ નવા વર્ષે સ્નેહસંમેલન અંગે પૂર્વ ભૂમિકા

સમજાવી હતી. અરવિંદભાઈએ સંસ્થાનો વિકાસ થાય તેવા યોગ્ય સૂચનો કર્યા હતા તથા આગેવાનોએ કોરોનાની સમજ આપી તમામ સભ્યોને રસી લેવાની તાકીદ કરી હતી અને વ્યસનમુકિત અંગે સમજણ આપી હતી તથા શિક્ષણ પર વિશેષ ભાર મૂકયો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ અર્જુનભાઈ તથા મંત્રી લક્ષ્મણભાઈએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું અને હાર્દિકભાઈએ સંસ્થાનો આભાર માન્યો હતો.

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૨૩

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સંસ્થાનું સ્નેહ મિલન તા. ૨૨-૧૧-૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. આ સ્નેહ મિલનમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના હોદ્દેદારો, સદસ્યો તેમના પરિવારજનો સાથે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સૌ ઉપસ્થિત સ્નેહીજનોએ એક-મેકને સ્નેહ સભર શુભેચ્છા પ્રદાન કરી હતી. સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કરે સૌને ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને શુભકામનાઓ પાઠવી હતી.

## શહેરમાં આપ દ્વારા વૃક્ષોના નિકંદન મુદ્દે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં સતત વિકાસના નામે વૃક્ષોનું નિકંદન જેમ કે ભૂતકાળમાં સેકટર-૧૭માં અને જીએસપીસી બિલ્ડીંગ સેકટર-૧૧માં પણ હજારો વૃક્ષોનું નિકંદન કરવામાં આવેલું અને હજી પણ વાઈબ્રન્ટ સમિટ માટે માર્ગ પહોળા કરવા માટે આડેધડ વૃક્ષોનું નિકંદન ચાલી રહ્યું છે અને આવનારા સમયમાં ગ્રીનસીટીને કોંક્રીટ સિટી બનાવવા જઈ રહેલ સરકારને આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પોસ્ટરોની સાથે પાર્ટીના સભ્યો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરના વિદ્યાર્થીને અમેરિકાની યુનિવર્સિટીની ૩.૨૭.૫ લાખની સ્કોલરશીપ ઓફર..!!

### પીડીઇયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડેનિશ ભાલીયાને એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીએ માસ્ટર ડિગ્રી માટે સ્કોલરશીપ મંજૂર કરી : પીડીઇયુમાં અત્યાર સુધીની સૌથી મોટી સ્કોલરશીપ ઓફર હોવાનો દાવો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ગુજરાતની રાજધાની ન રહેતાં શિક્ષણક્ષેત્રે પણ હબ બની ચૂકયુ છે. શહેરમાં અનેક મહાવિદ્યાલયો વિવિધ ક્ષેત્રને લગતું ઉચ્ચ શિક્ષણ પુરું પાડે છે જેના થકી માત્ર રાજયભરમાંથી જ નહીં પરંતુ દેશભરમાંથી ભણવા આવતાં વિદ્યાર્થીઓ તેમનું ભાવિ ઉજાળે છે. અહીં ભણતા વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે જ વૈશ્વિક સ્તરે અભ્યાસ કરવાની કે કારકિર્દી ઘડવાની તક મળે તેવાં અનેકાનેક કિસ્સા જોવા મળી રહ્યાં છે. તાજેતરમાં ગાંધીનગરની પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એક વિદ્યાર્થીને અમેરિકાની પ્રતિષ્ઠિત એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી દ્વારા માસ્ટર ડિગ્રી માટે પ્રવેશ આપવા સાથે આશરે રૂ.૨૭.૫ લાખની સ્કોલરશીપ પણ ઓફર કરવામાં આવી છે.

અત્યારના સમયમાં અમેરિકા, યુરોપ, કેનેડા જેવા દેશોમાં અભ્યાસ કરવો એ લગભગ દરેક વિદ્યાર્થીનું સ્વપ્ન હોય છે, તેમાં પણ વૈશ્વિક સ્તરે નામના ધરાવતી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની તક મળે તે માટે દરેક

વિદ્યાર્થી તલપાપડ હોય છે પરંતુ તેમાં અઢળક આર્થિક બોજ ઉઠાવવો પડે છે તેથી વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવવા પ્રયાસ કરે છે. જોકે વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં સ્કોલરશીપ મેળવવાની સિદ્ધિ દરેક વિદ્યાર્થીઓને સરળતાથી પ્રાપ્ત થતી નથી. ગાંધીનગરની પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝમાંથી બૅચલર ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશનનો અભ્યાસ પૂર્ણ કરનાર ૨૩ વર્ષીય ડેનિશ જયંતિભાઈ ભાલીયા નામના વિદ્યાર્થીને હાર્વર્ડ યુનિવર્સિટી અને એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી સહિત પાંચેક યુનિવર્સિટી દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો છે જે પૈકી અમેરિકાની પ્રતિષ્ઠિત એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી દ્વારા માસ્ટર ડિગ્રી માટે પ્રવેશ આપવા સાથે રૂ.૨૬ લાખથી વધુની સ્કોલરશીપ પણ ઓફર કરવામાં આવી છે. ડેનિશ ભાલીયા સુરતના કતારગામનો વતની છે અને તેણે પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝમાંથી બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ઓનર્સનો ડિગ્રી કોર્ષ કર્યો છે. તેની પ્રોફાઈલ જોઈનેનયુએસએની હાર્વર્ડ યુનિવર્સિટીએ 'બીઝનેસ એનાલિટીકલ પ્રોગ્રામ' માટે જ્યારે એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીએ તેને 'ગ્લોબલ બિઝનેસ મેનેજમેન્ટ'ના માસ્ટર કોર્સ માટે પ્રવેશ નિશ્ચિત કર્યો છે. એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીએ તેને ૩૫ હજાર યુએસ ડોલરની શિષ્યવૃત્તિ જે અદાજે ભારતીય ચલણમાં રૂ.૨૭.૫ લાખ જેટલી થાય છે તેની ઓફર કરી છે. વર્તમાન સમયમાં ગાંધીનગરની પીડીઇયુ યુનિવર્સિટીમાં કદાચ આ સૌથી મોટી શિષ્યવૃત્તિ ઓફર છે. આ ઉપરાંત ડેનીશને અન્ય યુનિવર્સિટીઓ જેવીકે લોયોલા યુનિવર્સિટી શિકાગોમાં ૧૦ હજાર ડોલરની સ્કોલરશીપ સાથે અને સ્ટોની બ્રુક યુનિવર્સિટી, ટેક્સાસ ડલ્લાસ યુનિવર્સિટી તેમજ કોલંબિયા યુનિવર્સિટીની સમીક્ષામાં પણ તેનું નામ સામેલ છે.

## વેટલીફ્ટિંગ સ્પર્ધામાં જીઆઈપીએસનો વિદ્યાર્થી રાજયકક્ષાએ પ્રથમ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાના વિદ્યાર્થી ચૌધરી પિયુષ ગજભાઈએ ૬૭ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રસિદ્ધિ મેળવી શાળાનું તથા પોતાનું નામ રોશન કરેલ છે તે બદલ શાળાના ટ્રસ્ટી શ્રી તથા આચાર્ય શ્રી તરફથી અને શાળાના શિક્ષકગણ તરફથી વિદ્યાર્થીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા, અને તેની ઉતરોત્તર પ્રગતી થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. રાણા નંદુબા રતનસિંહ,** ઉ.વ. ૪૩, ધણપ
- **સ્વ. મકવાણા પૃથ્વીરાજ હરેશભાઈ,** ઉ.વ. ૧૩, સે-૮, છાપરાં
- **સ્વ. મકવાણા હરેશભાઈ કાન્તીભાઈ,** ઉ.વ. ૪૮, સે-૮, છાપરાં
- **સ્વ. રાવલ રમેશચંદ્ર જમનાદાસ,** ઉ.વ. ૮૩, સેકટર-૮
- **સ્વ. ઠકકર સુનિલ પ્રભુરામ,** ઉ.વ. ૪૦, સેકટર-૩
- **સ્વ. ઠાકોર રાકેશભાઈ ગફુલજી,** ઉ.વ. ૨૧, ધણપ